**વિધ્યા સહાયક યોજના**

**નામ. વડી અદાલતના ચુકાદા અનુસાર ફેરફાર કરવા અંગે.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૩૯૮-સીસી ૨૯૪-ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩૧.૮.૧૯૯૮.

વંચાણમાં લીધા : (૧) શિક્ષણ વિભાગનો તા. ૩૦.૪.૯૭ નો સરખાકમાંકનો ઠરાવ.
(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૧.૬.૯૮ નો ઠરાવ ક્રમાંક : પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક.
(૩) નામ. ગુજ. હાઇકોર્ટનો સ્પે.સી.એ.નં. ૫૨૧૮-૯૮ તથા ૮૬૧૦-૯૭ અને ૮૧૯૩-૯૭ નો તા. ૧૩.૮.૯૮નો સંયુકત ચૂકાદો તેમજ સ્પે.સી.એ.નં. ૬૫૭૧-૯૮નો તા. ૧૩.૮.૯૮ અને સ્પે.સી.એ.નં. ૬૩૦૫-૯૮ નો તા. ૧૮.૮.૯૮નો ચૂકાદો.

**ઠ રા વ :-**

આ મુ ખ :-

ક્રમાંકઃ (૧) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. ૩૦.૪.૯૭ ના ઠરાવથી રાજય સરકારે પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ તથા રાજય સરકારની નાણાંકીય સ્થિતિને ધ્યાને લઇ વૈકલ્પિક વ્યવસ્થા રૂપે ૧૫,૦૦૦ બાલગુરૂની ભરતી કરવા નિર્ણય લીધેલ હતો. સદરહુ ઠરાવના અમલીકરણમાં વૈધાનિક બાબતો અને સ્થાનિક વ્યવસ્થા તંત્ર સામે અસંતોષને કારણે કોર્ટ કેસો ઉપસ્થિત થયેલા. પરિણામે ૩૭૪૩ બાલગુરૂઓની ભરતી શકય બનેલ અને તે પછી ઉપરોકત કામગીરી વહીવટી એને કોર્ટ કેસોના કારણોસર સ્થગિત કરવી પડેલ. આ પછી નવી સરકારે સત્તા ગ્રહણ કરતાં શિક્ષકોની ખાલી જગ્યાઓને પરિણામે શાળાઓમાં બાળકોના શૈક્ષણિક કાર્યમાં પડતી મુશ્કેલીઓ તેમજ રાજય સરકારની નાણાંકીય પરિસ્થિતીને ધ્યાને લઇ, જાહેર હિતમાં ૨૦,૦૦૦ વિધ્યા સહાયકોની નિમણૂંક કરવા નિર્ણય કરેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી અગાઉના ઠરાવની કેટલીક ક્ષતિઓ દૂર કરીને શાળાકીય અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં મદદરૂપ થાય તેવા આશયથી રૂ. ૨૫૦૦ /- ના માસિક ઉચ્ચક માનદ્ વેતનથી વિધ્યા સહાયકોની ભરતી માટે આદેશ કરેલ. આ ઠરાવની સામે પણ વડી અદાલતમાં દાવાઓ થતાં, ઉકત તમામ દાવાઓ એકત્રિત કરીને નામ. વડી અદાલતે તા. ૧૩.૮.૯૮થી મુખ્યત્વે સ્પે.સી.એ.નં. ૫૨૧૮-૯૮, ૮૧૯૩-૯૭, ૮૬૧૦-૯૭ ને ટાંકીને ચૂકાદો આપેલ છે. આ ચૂકાદામાં નામ. વડી અદાલતે બાળકોના શિક્ષણ કાર્યમાં વિક્ષેપ ઉભો ન થાય અને શૈક્ષણિક કાર્ય ખોરવાઇ ન પડે તથા જુદી જુદી કોર્ટોમાં વહીવટી અને ન્યાયીક પ્રશ્નો ઉભા ન થાય તેવા હેતુસર જાહેર હિતમાં વિવિધ સુચનાઓ ( ડાયરેકશન ) રાજય સરકારને આપેલ છે જેમાં હાઇકોર્ટના તારણોને ધ્યાનમાં લેતાં વિધ્યા સહાયક યોજનાના મૂળ ઠરાવમાં જરૂરી સુધારો કરવા સુચવેલ છે જે અન્વયે નીચે મુજબના સુધારા - વધારા કરવામાં આવે છે :-

(૧) અગાઉ જિલ્લા કક્ષાએ ૧૯૮૯ થી ૧૯૯૬ ના વર્ષ દરમ્યાન થયેલ શિક્ષકોની ભરતી સમયે જે તે સમયની ખાલી જગ્યાઓ સામે તૈયાર કરવામાં આવેલ છેલ્લી માન્ય પસંદગી યાદી ( સીલેકટ લીસ્ટ ) જો વહીવટી કે અન્ય કારણોસર શિક્ષકોની નિમણૂક ન થવાને કારણે અધૂરી રહેલ હોય, તો આ પસંદગી યાદી ( પ્રતિક્ષા યાદી નહિ ) પૈકીના

ઉમેદવારો, જો વિધ્યા સહાયક તરીકે નિમણૂંક મેળવવા માંગતા હોય અને અરજી કરે, અને જે તે વખતે નિયત વય મર્યાદામાં હોય, પરંતુ હવે વય મર્યાદા વટાવી ચૂકયા હોય, તો તેઓને વય મર્યાદામાં છુટછાટ આપવા, તેવા ઉમેદવારો સંબંધિત શિક્ષણ સમિતિમાંથી પોતાના નામ - પસંદગી યાદી - માં હોવા બાબત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી / શાસનાધિકારીના પ્રમાણપત્ર તથા ભલામણ સહિત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને મંજૂરી માટે નામ. વડી અદાલતના આદેશ મુજબ નિયત વયમર્યાદાની છૂટ આપવા દરખાસ્ત પાઠવશે.

(૨) આવી પસંદગી યાદીની સીલેકટ લીસ્ટમાં ( પ્રતિક્ષાયાદી નહિ ) જે ઉમેદવારોના નામ હોય અને તેની મૂળ પસંદગી યાદી તૈયાર થઈ હોય ત્યારે નિયત વયમર્યાદામાં આવતા હોય અને હાલ પણ વિધ્યા સહાયકની વય મર્યાદામાં આવી જતા હોય તેવા કિસ્સામાં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની પરવાનગીની જરૂર રહેશે નહીં પરંતુ તેની ચકાસણી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ કરી લેવાની રહેશે અને તેમની નિમણૂકો રાજય સરકારે નીમેલ વિધ્યા સહાયક સમિતિની સામાન્ય પરવાનગીને - કોલમ- (૬) - આધીન જિલ્લા માં તેમની નિમણૂક વિધ્યા સહાયક તરીકે થઈ શકશે. આ બાબતે સીલેકટ લીસ્ટમાંના ઉમેદવારોને રજીસ્ટર એ.ડી.થી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી - શાસનાધિકારીએ પત્રો પાઠવવા તથા (૧) અને (૨) વિષે જરૂરી પ્રસિધ્ધિ રાજય કક્ષાના વર્તમાનપત્રોમાં ૧૦ - ૧૦ દિવસને અંતરે બે વખત આપવાની રહેશે અને અરજી કરવાની સમયમર્યાદા પ્રસિધ્ધિ પછી દશ દિવસમાં અરજી પહોંચાડવાનું જણાવવાનું રહેશે.

(૩) નામ. હાઈકોર્ટમાં બાલગુરૂઓ જે પસંદગી પામેલા સીલેકટ લીસ્ટ ઉપર છે અથવા નિમણૂક પામેલ છે તે વિધ્યા સહાયક કરતાં તેમની સીનીયોરીટી અગ્રતાક્રમે રહેશે તેવું રાજય સરકારે સ્પષ્ટીકરણ રૂપે જણાવેલ તે જ ધોરણે બાલગુરુ અને વિધ્યા સહાયકો કરતાં ઉપરોકત (૧) અને (૨) ના ઉમેદવારો બાલગુરૂ અને નવા દાખલ થતા વિધ્યા સહાયકો કરતાં અગ્રતાક્રમે રહેશે. સીનીયોરીટી આ રીતે ગોઠવવાની રહેશે.

(૪) વિધ્યા સહાયકના વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૨)ના કોલમ- (૧૨) મુજબ પસંદગી યાદી ઉપરના બાલગુરૂઓ જેઓને જે તે સમયે જાહેર કરેલ ખાલી જગ્યા ઉપર નિમણૂંક મળેલ ન હોય તેમને ઉપરોકત ફકરા-(૧) અને (૨) મુજબ ઉપરના ફકરા-(૩)ને ધ્યાને લઈ સમાવવાના રહેશે તથા જે ઉમેદવારો હુકમો આપ્યા છતાં બાલગુરૂ તરીકે હાજર થયા ન હોય તેમના હુકમો આપોઆપ રદ થાય છે. આ સિવાયના બાલગુરૂઓના તમામ લીસ્ટ રદ થાય છે.

(૫) ઉપર જણાવેલ કોલમ- (૧), (૨) અને (૪) માટે જે તે જિલ્લાની - શહેરની જે તે સમયે શિક્ષકોની જાહેર કરેલ અધિકૃત ખાલી જગ્યાઓ પુરતી જ આ નિમણૂંકો છેલ્લી અધિકૃત પસંદગી યાદીમાંથી કરવાની રહેશે. તે પછીના વર્ષોમાં ખાલી પડતી જગ્યાઓમાં એડજસ્ટ કરવાની રહેશે નહિ કે ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યા સામે એડજસ્ટમેંટ કરવાની નથી. આ સુચનાનો ભંગ થયે જવાબદાર અધિકારી ભારે શિક્ષાને પાત્ર રહેશે.

(૬) રાજય સરકાર વહીવટી પ્રશ્નો અને યોજનાને પરિપૂર્ણ કરવા માટે હાઈકોર્ટે સુચવ્યા મુજબ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ અને ૨૨૭ ના વૈકલ્પિક ઉપાય રૂપે એક અથવા વધુ અધિકારીઓની વિધ્યા સહાયક સમિતિની નિમણૂક કરશે. જેના અધ્યક્ષ ખાસ સચિવ અથવા સંયુકત સચિવશ્રીથી નીચેની કક્ષાના નહિ હોય. આ સમિતિ ઉપરોકત વંચાણે લીધેલ તા ૧૩.૮.૯૮ના ચૂકાદાના ડાયરેકશન મુજબ કાર્યવાહી કરશે. તેની કામગીરી

અર્ધ ન્યાયિક ( QUASI JUDICIAL ) પ્રકારની ગણાશે અને તેનો નિર્ણય એ રાજ્ય સરકારનો નિર્ણય ગણાશે. આ સમિતિની મંજુરી સિવાય વિ ધ્યા સહાયકોની નિમણૂંક થઇ શકશે નહિ.

(૭) હાલમાં તથા ભવિષ્યમાં ખાલી પડતી જગ્યાઓ માટે જે વિધ્યા સહાયકોની પસંદગી યાદી તૈયાર થઇ કે થાય તેની અવધી એક વર્ષ સુધીની રહેશે. નિમણૂંકોની બાબતોમાં પસંદગી યાદી ઉપરાંત પ્રતિક્ષા યાદી ૨૦ ટકા પૂરતી મર્યાદિત રહેશે. એક વર્ષ બાદ તે આપોઆપ રદ ગણાશે.

(૮) ઉપર વંચાણે લીધેલ વડી અદાલતના તા. ૧૩.૮.૯૮ તથા તા. ૧૮.૮.૯૮ના ચૂકાદાઓને ધ્યાને લેતાં રાજ્ય સરકારે અનામત નીતિ અંગે તા. ૩૦.૪.૯૪ થી જે ઠરાવ કરેલ છે તે તથા વખતવખત ઠરાવો કરે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) રાજ્યની જિલ્લા અદાલતોમાં તથા નામ. વડી અદાલતમાં જે કેસો પડતર છે તેના નિર્ણય આવ્યેથી ચુકાદા મુજબ કાર્યવાહી કરવાની રહેશે અને કોર્ટનું ડાયરેકશન હોય તો તે કેસ અનુરૂપ જ જગ્યા ખાલી રાખવાની રહેશે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના વડી અદાલતના ચૂકાદા મુજબ જિલ્લાની કોઇ કોર્ટો આ વિષયના નવા દાવાઓને નામ. વડી અદાલતના ડાયરેકશન મુજબ તા. ૩૧.૩.૯૯ સુધી દાખલ કરશે નહી અને મનાઇ હુકમ આપશે નહીં, તે બાબત કોર્ટનું ધ્યાન દોરવાનું રહેશે. તથા ચાલુ કેસો માટે પણ કોર્ટનું ધ્યાન હાઇકોર્ટના ઉપરોકત વંચાણે લીધેલ જજમેંટ પ્રત્યે જજમેંટની નકલ સાથે દોરવું જેથી કોર્ટ સત્વરે યોગ્ય નિર્ણય કરી શકે.

વિધ્યા સહાયક યોજનાનું પાલન સમયબધ્ધ રીતે થઇ શકે તે માટે નામ. વડી અદાલતે આપેલ ડાયરેકશનો ધ્યાનમાં લઇને વિધ્યાર્થીઓના શૈક્ષણિક હિતમાં આ સુધારા જાહેર હિતમાં કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એ. નાગોરી
( એ. એ. નાગોરી ),
સંયુકત સચિવ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ- રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શ.ગૃ.નિ.વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
અ.મુ.સ.શ્રી, પંચાયત અને ગ્રા.ગૃ.નિ.વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
અ.મુ.સ.શ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિકાસ કમિશ્નરશ્રી, ગુ.રા., ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર.

તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
સર્વે શાસનાધિકારીશ્રીઓ, નગર પંચાયત - મહાનગરપાલિકા, નગરપાલિકાઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ, રાજકોટ.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર.
માહિતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં બહોળી પ્રસિધ્ધિ અર્થે.
શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સીલેકટ ફાઇલ, મદદનીશ સિલેકટ ફાઇલ.